પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૦ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૧, રવિવાર; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

પેટ્રોલ-ડિઝલના ભાવ પર કેન્દ્ર-રાજ્ય વચ્ચે ચર્ચા જરૂરી

પેટ્રોલ-ડિઝલના ભાવ પર નાણાંમમંત્રીનું નિવેદન : ઓઇલના ભાવ પર સરકારનો અંકુશ નથી, તેને ટેકનિકલ રીતે અલગ કરી દેવામાં આવ્યા હોવાની કેન્દ્રીય મંત્રીની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૨૦

દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવના મુદ્દે શનિવારે કેન્દ્રિય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે આ મુદ્દાને ગંભીર અને અંત્યત મહત્વનો મુદ્દો ગણાવતા કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આ મુદ્દે ચર્ચા કરવી જોઇએ જેથી ગ્રાહકોને યોગ્ય કિંમતે ઇંધણ સપ્લાય મળી રહે.

દેશમાં વિતેલા ૧૨ દિવસથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઇ રહ્યો છે અને હવે સ્થિતિ એવી છે કે કેટલાક

શહેરોમાં પ્રતિ લિટર ૧૦૦ રુપિયા કે તેથી વધુ આંકડો પાર થઇ ચૂક્યો છે. જેના લીધે કેન્દ્ર સરકાર વિપક્ષ અને જનતાના નિશાને આવી ગઇ હતી.

સામાન્ય નાગરિકના જીવન ધોરણ પર સીધી અસર પાડતા પેટ્રોલ-ડીઝલના વધતા જતાં ભાવના મુદ્દે નાણાં મંત્રીનું કહેવુ હતું કે, આ સમસ્યાનો જવાબ એક જ રીતે આપી શકાય છે કે ઇંધણના ભાવ ઓછા કરી દેવામાં આવે. આજે દરેક ભારતીયને બસ એક જ જવાબ જોઇએ છે કે, શું સરકાર કિંમત ઓછી કરી રહી છે કે નહીં? તેમણે આગળ જણાવ્યું કે ઓપેક દેશોએ ઉત્પાદનનું જે અનુમાન લગાવ્યું હતું એ પણ નીચે જવાની સંભાવના વધી રહી છે, જે ચિંતાનો વિષય છે. ઓઇલના ભાવ પર સરકારનો અંકુશ નથી, તેને ટેકનિકલ રીતે અલગ કરી દેવામાં આવ્યા છે અને ઓઇલ કંપનીઓ ક્રૂડ ઓઇલ ખરીદી છે, રિફાઇન કરીને વેચી રહી છે.

ઓપન ઇન્ટરવ્યૂ

અમદાવાદ મેહસાણા ટોલ રોડ અડાલજ ટોલ કલેક્શન ઓફિસે, મેહસાણા, કલોલ ખાતે કોમ્યુટર ઓપરેટર/ કેશિયર માત્ર બહેનો લેવાની છે સવાર ની શિફ્ટ સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી, પગાર ગ્રોસ રૂપિયા ૯૦૦૦/ -મળશે. રવિવારે તારીખ ૨૧/૦૨/૨૦૨૧સવારે ૧૦વાગે ઇન્ટરવ્યૂ માં બાયોડેટા સાથે રૂબરૂ મળો.

શ્રી મુકેશ સિંઘ - પ્રોજેક્ટ મેનેજર
C/o ટી. બી. આર. ઇન્ડિયા
અમદાવાદ-મહેસાણા ટોલ રોડ,
અડાલજ, તાલુકા જિલ્લા ગાંધીનગર.
M. 8319325288 / 9594458821

વિશાલ
SUPER MARKETની આજ
અમૂલ ઘી
૧ લિટર
રૂ. ૨૭/- Off
સેક્ટર-૬/કુડાસણ

વેચાણ/ભાડે
મકાન વેચાણ અથવા ભાડે આપવાનું છે.
પંચવટી પાર્ક,
સેક્ટર-૨૩, ગાંધીનગર
સંપર્ક નં.
૮૩૪૭૪૬૬૪૫૫

INVITATION
we invite you to witness the construction of
SIDDHRAJ
Kudasan, Gandhinagar
CALL FOR SITE VISIT +91 990990 1122
RERA NO. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/CAA05065/160319 | GUJRERA.GUJARAT.GOV.IN
The Property Shop